બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક (ગ્રાન્ટ ઇન એઇડ) શાળાઓમાં ફરજ બજાવતા સીધી ભરતીના આચાર્યના પગાર ધોરણ બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ બમશ-૧૩૦૪-૧૧૩૦-ગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- ૩.૧૨.૨૦૦૯

વંચાણે લીધાઃ-

૧. કમિ. મ.ભો.યોજના અને શાળાઓની કચેરીનો તા. ૩૦.૫.૨૦૦૮ નો પત્ર નં. ઘ-પેન-૨૦૦૮-૦૯-૮૪૬૨.

આમુખઃ-

બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક (ગ્રાન્ટ ઇન એઇડ) શાળાઓમાં ફરજ બજાવતા મદદનીશ શિક્ષકોમાંથી જે શિક્ષકો પાંચ વર્ષનો કે તેથી વધુ અનુભવ ધરાવતા હોય તેઓને તે શાળા કે અન્ય શાળામાં આચાર્યની જગ્યા માટે જાહેરાત આવતાં તેઓ આચાર્યની જગ્યાએ પસંદગી માટે ઉમેદવારી નોંધાવે છે કારણ કે આચાર્યની જગ્યાએ સીધી પસંદગી કરી નિમણૂક કરવાની રહે છે, અને તેમાં બઢતી આપવામાં આવતી નથી. તેથી આવા શિક્ષકો જયારે આચાર્ય તરીકેની પસંદગી પામે અને મદદનીશ શિક્ષકના પગાર ધોરણમાં પ્રથમ અથવા ધ્વિતિય ઉચ્ચતર પગાર ધોરણ મેળવતા હોય, ત્યારે આચાર્યની જગ્યાએ જયારે પસંદગી પામી નિમણૂક પામે છે ત્યારે આચાર્ય સંવર્ગના શરુઆતના પગાર ધોરણ ઉપર તેઓને ઓછા પગાર સ્કેલમાં નિમણૂક આપવામાં આવે છે. શિક્ષણ અને મજૂર વિભાગના ઠરાવ ક્રઃ એસએસએન-૩૪૭૩-૪૭૨૦૩-જી, તા. ૧.૩.૭૪ અને ઠરાવ ક્રઃ એસએસએન-૩૪૭૩-૩૭૨૦૩-જી, તા. ૩૧.૧.૭૪ અનુસાર બિન સરકારી માધ્યમિક શાળાઓના કર્મચારીઓને પેન્શન યોજના લાગુ પાડવામાં આવતાં કર્મચારી એક શાળામાંથી છુટા થઇ અન્ય શાળામાં જોડાય તો તેમને મળતાં છેલ્લા પગારનું રક્ષણ આપવામાં આવે છે. પરંતુ, નાણાં વિભાગના તા. ૧૭.૬.૧૯૯૪ ના ઠરાવ ક્રમાંકઃ પગાર-૧૦૯૩-૮૭૧-ચ ના ઠરાવ અન્વયે નવી નિમણૂક ઊંચી / વધુ પગારવાળી અથવા સરખા પગારવાળી જગ્યા પર થઇ હોય તેવા કિસ્સામાં પગારનું રક્ષણ મળવાપાત્ર થાય છે જયારે નીચા પગાર ધોરણવાળી જગ્યા ઉપર નિમણૂક આપવામાં આવે તો પગાર કે પગાર ધોરણનું રક્ષણ મળવાપાત્ર થતું ન હોવાથી નામ. માધ્યમિક શિક્ષણ ટ્રિબ્યુનલમાં તથા નામ. હાઇકોર્ટમાં પણ લીટીગેશન થયેલ. કેટલાંક કિસ્સાઓમાં આચાર્યની જગ્યા પર નિમણૂક થયા પછી સેવાનિવૃત્ત થતા કર્મચારીઓના કિસ્સા પણ પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામકશ્રીની કચેરી તરફથી પરત કરવામાં આવે છે તેવું ધ્યાને આવેલ છે. શાળાઓમાં આચાર્યની જગ્યા વિના ચલાવી શકાય નહીં અને આચાર્યની જગ્યા પર સીધી પસંદગીથી નિમાતા કર્મચારી તે જ શાળા કે અન્ય શાળામાંથી મદદનીશ શિક્ષકની જગ્યામાં અનુભવી થયા પછી ઉમેદવારી કરી આવતાં હોવાથી જે સંજોગોમાં તેઓને મદદનીશ શિક્ષકની જગ્યાએ ઉચ્ચતર પગાર ધોરણનો લાભ લીધા પછી જયારે આચાર્યની જગ્યાએ સીધી પસંદગીથી નિમણૂક પામે ત્યારે નીચા પગાર ધોરણ મુકવાથી પ્રશ્નો ઉપસ્થિત થયેલ જેનાથી કેટલાંક કેસોમાં રીકવરીના પ્રશ્નો પણ ઉપસ્થિત થયેલ.

જે મદદનીશ શિક્ષક ઉચ્ચતર પગાર ધોરણ મેળવ્યા પછી આચાર્યની જગ્યાએ સીધી ભરતીથી નિમણૂક પામે તેઓને આચાર્યના પગાર ધોરણમાં નીચલા પગાર ધોરણમાં ન મુકતાં તેઓને પગારનું રક્ષણ આપવા બાબતે થયેલ રજુઆતો તથા કમિશ્નરશ્રી, મ.ભો.યોજના અને શાળાઓની કચેરીની તા. ૩૦.૫.૨૦૦૮ ની ઉપર વંચાણે લીધેલ ક્રઃ (૧) પરની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ :-

પુખ્ત વિચારણાને અંતે રાજયમાં આવેલ બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક ( ગ્રાન્ટ ઇન એઇડ ) શાળાઓમાં ફરજ બજાવતા મદદનીશ શિક્ષકો ઉચ્ચતર પગાર ધોરણ મેળવી સીધી ભરતીથી આચાર્ય તરીકે નિમણૂક પામેલ છે તેવા કિસ્સાઓમાં અને હવે પછી જેઓ આચાર્ય તરીકે મદદનીશ શિક્ષકમાં ઉચ્ચતર પગાર ધોરણ મેળવ્યા પછી સીધી ભરતીથી નિમણૂક મેળવે તેઓના કેસમાં ખાસ કિસ્સામાં પગાર અને પગાર ધોરણના રક્ષણનો લાભ આપવા આથી સરકારશ્રીની મંજુરી આપવામાં આવે છે.

અગાઉ પણ આ રીતે નિમણૂક થયેલ કિસ્સાઓમાં રિકવરી ન કરવા આથી જણાવવામાં આવે છે અને તેઓના કેસોમાં પણ પગારનું રક્ષણ આપવાનું રહેશે. પરંતુ, આ ઠરાવ હેઠળ પગાર અને પગાર ધોરણનું રક્ષણ મેળવતા આચાર્યોને નાણાં વિભાગના તા. ૫.૧.૧૯૬૫ ના ઠરાવ ક્રઃ પીએવાય-૧૨૬૪-૪૬૭-ચ, અન્વયે એક ઇજાફો આપી પગાર નકકી કરવામાં આવતો હતો તે હવેથી આપવાનો રહેશે નહીં.

આ હુકમો સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨.૧૨.૨૦૦૯ ની મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( એન.પી.વાછાણી)
નાયબ સચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- માન. મંત્રીશ્રી, શિક્ષણના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી, (મા.શિ.) ના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજના અને શાળાઓની કચેરી, ગાંધીનગર.
- તમામ જીલ્લા શિક્ષણાધિકારીશ્રી.......................
- એકાઉન્ટન્ટ જનરલશ્રી- ૧ (ઓડીટ) , ગુજરાત રાજય, અમદાવાદ / રાજકોટ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ૨ (એ.એન્ડ ઇ.) ગુજરાત રાજય, અમદાવાદ / રાજકોટ.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ / સર્વે જીલ્લા સહાયક નિરીક્ષકશ્રીઓ.
- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ / પેટા તિજોરી અધિકારીશ્રીઓ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
- નાણાં વિભાગ, (પે સેલ) સચિવાલય, ગાંધીનગર.
- તમામ માન્ય મંડળો.....
( માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ)
- કોમ્પ્યુટર સેલ, વેબસાઇટ પર મુકવા માટે. - ગ૧ શાખા, છ શાખા, શિક્ષણ વિભાગ. - સીલેકટ ફાઇલ.